# <u>જોગર્સ પાર્ક નજીક મોબાઇલ સ્નેચીંગ કરનારા ઝડપાયા</u>

તા.૨૯/૦૧/૨૦૧૭

ઘોડદોડ રોડ ઉપર જોગર્સ પાર્ક પાસે વેપારીના હાથમાંથી આઇફોન ઝુંટવી જનારા ત્રણ પરપ્રાંતિયોની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સીટીલાઇટ રોડ ઉપર કોર્નર પોઇન્ટ સામે આવેલા સેજલ એપાર્ટમેન્ટમાં રહેતા કાપડ વેપારી પ્રદિપ સત્યપ્રકાશ રંગવાની ૨૫મી ડિસેમ્બરે સાંજે ઘોડદોડ રોડ ઉપરના જોગર્સ પાર્ક પાસે વોકમાં નીકળ્યા હતાં. ત્યારે બાઇક ઉપર ત્રણ યુવકો આવ્યા હતાં. આ ત્રિપલ સવારી યુવકોએ પ્રદિપ રંગવાનીના હાથમાં ઝપટ મારી મોબાઇલ ફોન છીનવી લીધો હતો. આઇફોન ઝુંટવી જનાર આ બાઇકર્સ સામે પ્રદિપભાઇએ આપેલી ફરીયાદના આધારે ઇન્સ્પેકટર જી.એસ. સરવૈયાએ ગુનો નોંધી તપાસ ડી.વી.ઢોલાને સોંપી હતી. તપાસ દરમિયાન પોલીસે આ મોબાઇલ સ્નેચીંગમાં સામેલ સર્વેશ રાજકુમારસીંગ રહે. પાંડેસરા, વિવેક ઉર્ફે ભવાની ઉર્ફે ટીન્કુ રામધીરજ શુકલા રહે.સંતોષનગર, પાંડેસરા, જયપ્રકાશ ઉર્ફે જેપી અશોકકુમાર પાંડે રહે. ગોપાલનગર, પાંડેસરાની ધરપકડ કરી હતી. આ ત્રણેય જણાએ ઘોડદોડ રોડ, વેસુ પનાસ, કેનાલ રોડ ઉપર ઘણાં મોબાઇલ આંચકયાનું તપાસમાં બહાર આવ્યું છે.